જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૯/૧૧/૨૦૨૩  રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૮૭૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૪ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી, ૯૦ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૯,૭૦૦/- અને જુગારના  સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૮૭૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

### વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-  સમાચાર યાદી નં.૧૮૭૭/૨૦૨૩

**કૃષ્ણનગરઃ** રાહુલસિંહ મહેન્દ્રસિંહ ચાવડા (ઉ.વ.૩૧)(રહે.સુરભી રેસીડન્સી-૧, અવકાશ પાર્ક પાસે નિકોલ) એ તા.૧૮/૧૧/૨૦૨૩ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૨/૨૦૨૨ થી તા.૨૦/૦૪/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન શિવાજી ચોક, સ્વાગત હોટલ નીચે આવેલ "જય ગોગા ફાયનાન્સ" નામની ઓફિસ ખાતે આરોપી પ્રવીણસિંહ ઉર્ફે ટીનાબાપુ સુરસિંહ ડાભી (રહે.ઉમિયાનગર સોસાયટી રઘુનાથ સ્કુલ પાછળ બાપુનગર) એ રાહુલસિંહને વિશ્વાસમાં લઈ જમીન વેચીને પૈસા પરત આપવાનું બહાનું કરી, રાહુલસિંહ પાસેથી ઓનલાઇન-ક્રેડીટકાર્ડ તથા રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૪,૯૩,૫૯૧/- મેળવી લઇ પરત નહી કરી રાહુલસિંહ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.રતન ચલાવે છે.

**સાયબર ક્રાઇમઃ** શ્રીયંકાબહેન વા/ઓ શ્યામબિહારી પ્રજાપતિ (ઉ.વ.૪૩)(રહે.ધનવિહાર રેસીડેન્સી નિગમનગર ચાંદખેડા) એ તા.૧૮/૧૧/૨૦૨૩ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૧૧/૨૦૨૩ સવારના ૯/૨૦ વાગ્યાના સુમારે અજાણ્યા મોબાઈલ નંબર +917715158311 તથા 8210683366 અને 7711152041 ના ધારકોએ શ્રીયંકાબહેનના મોબાઇલ ફોન ઉપર કોલ કરી જણાવેલ કે "તમોએ એક પાર્સલ મુંબઇ થી ઇરાન Fedex કુરીયર મારફતે મોકલાવેલ છે. જેનો ટ્રેકીંગ આઇ.ડી.નંબર-22892321291 તથા કંમ્પ્લેન નંબર-NCBMUM67880 છે. આ પાર્સલ ઉપર રીસીવ કરનારનુ નામ ZHANG LIN લખેલ છે. જેના પર કોન્ટેકટ નંબર +98-62737889 લખેલ છે. જે પાર્સલમા MD ડ્રક્સ તથા એક્ષપાયર થયેલ પાસપોર્ટ અને ક્રેડીટ કાર્ડ હોય તે પાર્સલ કસ્ટમ ખાતાના માણસોએ પકડેલ છે, જેથી તમારી ઇન્કવારી કરવા માટે આધારકાર્ડ તથા બેંક એકાઉન્ટ વેરીફીકેશન કરવા માટે મુબઇ સાયબર ક્રાઇમ ઇસ્ટ ખાતે તમારો કોલ ટ્રાન્સફર કરી આપુ છુ" ત્યારબાદ મહીલા ઇન્સ્પેકટર AMNEET KONDAL સાથે વાતચીત કરાવતા તેઓએ જણાવેલ કે આ કેસ ગંભીર હોવાથી તમારો વિડીયો રેકોર્ડીંગ કરવુ જરૂરી હોય Skype એપ્લીકેશનના માધ્યમથી વાતચીત કરવાનુ જણાવતા, શ્રીયંકાબહેને તેઓની પાસે આઇ.ડી. કાર્ડ માંગતા આરોપીએ પોલીસનુ આઇ.કાર્ડ ઓનલાઇન મોકલાવી ખોટી પોલીસની ઓળખ આપી, અરજી ફરીયાદ કરવાના બહાના હેઠળ શ્રીયંકાબહેનને વિશ્વાસમા લઇ, તેમનુ આધારકાર્ડ તેમજ ICICI BANK એકાઉન્ટ વેરીફીકેશન કરવાના બહાના હેઠળ બેન્ક ખાતામા પડેલ નાંણા અને બેંક ખાતામા મુકેલ FD મળી કુલ રૂપિયા ૧૩,૦૭,૫૧૧/- અને DCB BANK એકાઉન્ટમાંથી રૂપિયા ૪,૯૮,૮૮૮/- તેમજ શ્રીયંકાબહેનના આધારકાર્ડ ઉપર પર્સનલ લોન ઓનલાઇન રૂપિયા ૧૯,૫૨,૮૦૦/- મળી કુલ રૂપિયા ૩૭,૫૯,૧૯૯/-મેળવી લઇ શ્રીયંકાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ. શ્રી એમ.આર.પરડવા ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૭૮/૨૦૨૩</u>**

**સાબરમતીઃ** ધનશ્યામભાઇ મનસુખલાલ માધવાણી(ઉ.વ.૬૧)(રહે.સ્ટર્લીંગ પાર્ક એપાર્ટમેન્ટ, સત્યનારાયણ સોસાયટી, રામબાગ રોડ, સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૧૧/૨૦૨૩ સવારના ૧૦/૦૦ થી બપોરના ૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૯,૧૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.કે.મોથલીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૭૯/૨૦૨૩**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** સુરેશકુમાર વાગજી સરગરા (ઉ.વ.૪૩)(રહે.રાજપુતો કે બેરે, ગામઃ-લોદરાઉ જીઃ-ઝાલોર, રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૧૮/૧૧/૨૦૨૩ સાંજના ૪/૪૫ વાગ્યા પહેલા સાબરમતી નદીના પુર્વ કિનારે સરદારબ્રીજ પાસે ઘાટ નંબર-૧૧ વોક-વે નજીક નદીના પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પરેશકુમાર કાનજીભાઈ ચલાવે છે.

**વેજલપુરઃ** મોહમદરોહાન ઉસ્માનગની શેખ (ઉ.વ.૨૨)(રહે.રાજ રેસીડેન્સી, મનપસંદ ચાની કિટલીની ગલીમાં, બિસમિલ્લા બેકરીની આગળ ફતેવાડી) એ અગમ્ય કારણસર તા.૧૮/૧૧/૨૦૨૩ બપોરના ૩/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાક મકાનમાં પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયભાઇ અંબારામભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી